# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા. જિ.પંચમહાલ-૩૮૯૦૦૧

એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૨૨૫૨ તા. ૦૫/૦૭/૨૦૨૨

પરિપત્ર:- ૨૧૪૨

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરા-મેડીકલ વિધાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને તથા સંબંધિત વિદ્યાર્થીઓને જણાવવાનું કે, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાં અભ્યાસ પૂર્ણ કરેલ અને ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા પાત્ર વિદ્યાર્થીઓએ તા.૦૫/૦૭/૨૦૨૨ થી તા.૦૫/૦૯/૨૦૨૨ સુધી આ યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in પર જઈ ફાઈનલ ડીગ્રી મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

તા.૩૧/૧૦/૨૦૨૧ પહેલા પાસ થયેલ વિધાથીઓએ **sggu.gipl.in/DegreeApplication.aspx** લીન્ક પરથી જયારે તા.૩૧/૧૦/૨૦૨૧ પછી પાસ થયેલ વિદ્યાર્થીઓએ **sggu.gipl.in/DegreeApplicationOl.aspx** લીન્ક પરથી ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે તેમજ યુનિવર્સિટી ઓર્ડીનન્સ મુજબની જરૂરી ફીની રકમ ઓનલાઈન પોર્ટલ પર દર્શાવ્યા પ્રમાણે પેમેન્ટ ગેટવે સિસ્ટમથી ઓનલાઈન ભરી અને આવેદન-પત્રકની પ્રિન્ટ કાઢી ભવિષ્યમાં ઉપયોગ અર્થે સાચવી રાખવા માટે સુચના આપવામા આવે છે. આ બાબતે જો કોઈપણ વિદ્યાર્થીને ટેકનીકલ મદદની જરુતીયાત હોય તો exam1@sggu.ac.in અથવા webmaster@sggu.ac.in પર ઈ-મેલ કરી શકશે..

નોંધ:- ડીગ્રી સર્ટિફિકેટ અંગેની અરજી કર્યા પછી ફોર્મ અને ફી ભર્યાની રીસીપ્ટની હાર્ડકોપી વિદ્યાર્થીએ સાચવી રાખવાની રહેશે. યુનિવર્સિટી ખાતે તેની નકલ મોકલવાની રહેશે નહિ.

ઈ.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂયુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
(૧) શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરામેડીકલ વિધાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ અર્થે.